# પ્રસાર ભારતી
# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

**********************************************************

**1)** **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બે દિવસની મુલાકાતે માલદીવ પહોંચશે, ગઈકાલે પ્રધાનમંત્રીએ રાજા ચાર્લ્સ તૃતીય સાથે મુલાકાત કરી.**

**2)** **કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ભારત-બ્રિટેન મુક્ત વેપાર કરારને સીમાચિહ્નરૂપ ગણાવ્યો.**

**3)** **ખાસ સઘન પુન:નિરીક્ષણ સુધારા હેઠળ અત્યાર સુધીમાં બિહારના 99 ટકાથી વધુ મતદારોને આવરી લેવાયા.**

**4)** **પશ્ચિમ બંગાળમાં વીજળી પડવાથી 15ના જ્યારે હિમાચલ પ્રદેશમાં રાજ્ય પરિવહનની બસ ખીણમાં ખાબકતા 8ના મોત.**

**5)** **ભારતીય સ્ક્વોશ ખેલાડી અનાહત સિંહે કૈરોમાં વર્લ્ડ સ્ક્વોશ જુનિયર સ્પર્ધાની સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું.**

**..........................................................................**

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-MALDIVE

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બે દિવસની મુલાકાત માટે માલદીવ પહોંચશે. પ્રધાનમંત્રી માલદીવના 60મા સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. તેઓ 'વ્યાપક આર્થિક અને દરિયાઈ સુરક્ષા ભાગીદારી' માટે ભારત-માલદીવ સંયુક્ત વિઝનના અમલીકરણમાં પ્રગતિની સમીક્ષા કરશે.**

**વધુ અહેવાલ અમારા સંવાદદાતા તરફથી**

# વી/સી- જીવન ભાવસર

---

# PM MODI - KING CHARLES

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે ઈંગ્લેન્ડના સેન્ડ્રિંગહામ એસ્ટેટ ખાતે રાજા ચાર્લ્સ તૃતીય સાથે દ્વિપક્ષીય મુદ્દાઓ અને ભારત-બ્રિટન સંબંધોમાં પ્રગતિની ચર્ચા કરી. તેમણે આયુર્વેદ, યોગ અને મિશન લાઇફને પ્રોત્સાહન આપવા માટે સહયોગના માર્ગો પર પણ ચર્ચા કરી હતી.પ્રધાનમંત્રીએ રાજા ચાર્લ્સને એક છોડ પણ ભેટમાં આપ્યો જે એક પેડ મા કે નામ અભિયાનના ભાગ રૂપે સેન્ડ્રિંગહામ એસ્ટેટ ખાતે રોપાશે.**

---

# PIYUSH GOYAL-LONDON

**કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ભારત-બ્રિટેન મુક્ત વેપાર કરારને સીમાચિહ્નરૂપ ગણાવ્યો છે. લંડનમાં પ્રસાર ભારતીના સંવાદદાતા સાથેની વાતચીતમાં શ્રી ગોયલે જણાવ્યુ કે આ અભૂતપૂર્વ કરારથી ખેડૂતો, નાના ઉદ્યોગપતિઓ, MSME ક્ષેત્રો, સ્ટાર્ટઅપ્સ અને અન્ય સેવા ક્ષેત્રોને ફાયદો થશે.**

**કેન્દ્રીય મંત્રીએ જણાવ્યુ કે ત્રણ વર્ષ માટે ટૂંકા ગાળાની નોકરીઓ માટે બ્રિટેન જતાં ભારતીયોને પણ આ કરારથી ફાયદો થશે.તેમણે કહ્યું કે કરારના અમલીકરણ પછી, તેમને સામાજિક સુરક્ષા ભંડોળ માટે ચૂકવણી કરવાની જરૂર નહીં રહે.**

---

# EC-SIR BIHAR

**ખાસ સઘન પુન:નિરીક્ષણ સુધારા હેઠળ અત્યાર સુધીમાં બિહારના 99 ટકાથી વધુ મતદારોને આવરી લેવાયા છે. ચૂંટણી પંચે એક નિવેદનમાં જણાવ્યું કે સ્થાનિક બૂથ લેવલ અધિકારીયોના અહેવાલ મુજબ એક લાખ મતદારો શોધી શકાયા નથી.**

**પંચે કહ્યું કે 21 લાખ 6 હજાર લોકો મૃતક હોવા છતાં પણ તેમના નામ મતદાર યાદીમાં સામેલ હોવાનું સામે આવ્યું છે. 31 લાખ 5 હજારથી વધુ લોકો કાયમી ધોરણે વિસ્થાપિત થયા છે અને 7 લાખ મતદારો એક કરતાં વધુ જગ્યાએ નોંધાયેલા છે. લગભગ 7 લાખ મતદારોના ફોર્મ હજુ સુધી પ્રાપ્ત થયા નથી.**

**બિહારમાં ડ્રાફ્ટ મતદાર યાદી પહેલી ઓગસ્ટે પ્રકાશિત થશે. ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી છે કે કોઈપણ મતદાર અથવા રાજકીય પક્ષ આ વર્ષે પહેલી સપ્ટેમ્બર સુધી પોતાનું નામ ઉમેરવાનો દાવો કરી શકે છે અને જો ખોટું નામ સામેલ કરવામાં આવ્યું હોય તો વાંધો નોંધાવી શકે છે.**

---

# WB-LIGHTNING-DEATH

**પશ્ચિમ બંગાળમાં ગઈકાલે વીજળી પડવાથી ૧૫ના મોત થયા છે. જેમાંથી મોટાભાગના લોકોના મોત ચાલુ વરસાદે ખેતરમાં ડાંગરના વાવેતર દરમિયાન થયા હતા. બાંકુરા જિલ્લામાં આઠ અને પૂર્વ બર્ધમાનમાં પાંચ લોકોના મોત થયા છે. પુરુલિયા અને પશ્ચિમ મેદિનીપુરમા એક વ્યક્તિ નું મોત થયું છે . બીજી તરફ પૂર્વ બર્ધમાન જિલ્લામાં વીજળી પડવાથી ચાર લોકો ઈજાગ્રસ્ત થયા છે.**

---

# HP-ACCIDENT

**હિમાચલ પ્રદેશમાં, ગઈકાલે મંડી જિલ્લાના તારંગલા નજીક રાજ્ય પરિવહનની બસ ખીણમાં પડી જતાં 8ના મોત અને 21 ઈજાગ્રસ્ત થયા છે. મૃતકોમાં 4 મહિલા અને 4 પુરુષોનો સમાવેશ થાય છે.સરકાઘાટથી દુર્ગાપુર જઇ રહેલી બસમાં 29 મુસાફરો સવાર હતા.**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અકસ્માતમાં જીવ ગુમાવનારા પ્રત્યે દુઃખ વ્યક્ત કર્યું છે. શ્રી મોદીએ પોતાના સંદેશમાં પીડિતોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને ઇજાગ્રસ્તોના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી છે. તેમણે દરેક મૃતકોના પરિવારજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.**

---

# IMD UPDATE

**હવામાન વિભાગે આજે ઓડિશા, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ અને મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે. આગામી 28મી સુધી મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ, ઓડિશા, ગંગેય પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં ભારેથી અતિ ભારે વરસાદ ચાલુ રહેવાની આગાહી કરી છે.**

**મહિનાના અંત સુધી હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વ રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, કોંકણ અને ગોવામાં પણ આ જ સ્થિતિ રહેશે. આગામી 5 દિવસ કેરળ, માહે ઉપરાંત દરિયાકાંઠાના અને દક્ષિણ આંતરિક કર્ણાટકમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે.**

---

## AMARNATH-YATRA

જમ્મુ અને કાશ્મીરમાં પવિત્ર અમરનાથ ગુફા મંદિરમાં ગઇકાલે 9 હજાર 482 શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા આ સાથે શ્રદ્ધાળુઓની કુલ સંખ્યા 3 લાખ 52 હજાર પર પહોંચી છે. અમરનાથ યાત્રા કોઈપણ વિક્ષેપ વિના આગળ વધી રહી છે. આશ્રય, ખોરાક, તબીબી સહાય અને માર્ગ સુરક્ષા સહિતની તમામ જરૂરી સુવિધાઓ સંપૂર્ણપણે કાર્યરત છે.આ દરમિયાન, ભગવાન શિવની પવિત્ર ગદા, 'છડી મુબારક' યાત્રાના ભાગ રૂપે શ્રીનગરના ઐતિહાસિક શંકરાચાર્ય મંદિરમાં લઈ જવામાં આવી હતી.

---

## PM-RUSSIA-CRASH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રશિયાના વિમાન દુર્ઘટનામાં થયેલી જાનહાનિ પર દુઃખ વ્યક્ત કર્યું છે. શ્રી મોદીએ પોતાના સંદેશમાં માર્યા ગયેલા લોકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

તેમણે કહ્યું કે ભારત રશિયા અને તેના નાગરિકો સાથે છે.અંગારા એરલાયન્સનું રશિયન વિમાન ગઈકાલે અમૂર પર્વતીય ક્ષેત્રમાં તૂટી પડતાં વિમાનમાં સવાર તમામ 49ના મોત થયા હતા.

---

## ANAHAT- SQUASH MEDAL

ભારતીય સ્ક્વોશ ખેલાડી અનાહત સિંહે કૈરોમાં વર્લ્ડ સ્ક્વોશ જુનિયર સ્પર્ધા 2025ની સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું છે. અનાહતે ક્વાર્ટર ફાઇનલમાં ઇજિપ્તની મલિકા એલ્કારાક્સીને હરાવી હતી. તેઓ આજે સેમિફાઇનલમાં ઇજિપ્તની નાદિયન એલ્હમ્મી સામે ટકરાશે.

---

## CRICKET

ક્રિકેટમાં, માન્ચેસ્ટર ખાતે એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની ચોથી ટેસ્ટના બીજા દિવસે ભારત સામે ઇંગ્લેન્ડે પોતાની પહેલી ઇનિંગમાં 2 વિકેટે 225 રન બનાવ્યા છે.

**ઓલી પોપ અને જો રૂટ ક્રીઝ પર છે તેઓ આજે ઇનિંગને આગળ ધપાવશે. ઇંગ્લેન્ડની ટીમ હાલમાં 133 રનથી પાછળ છે. ભારતીય બેટ્સમેન ઋષભ પંતે 54 અને શાર્દુલ ઠાકુરે 41નુ યોગદાન આપ્યું હતું.ભારતીય બોલરો હવે ઇંગ્લેન્ડની ઇનિંગ્સને મર્યાદિત રાખવાના લક્ષ્ય સાથે આગળ રમશે.**

---

## LS-RECRUITMENT

**સરકારે ડેટા એન્ટ્રી ઓપરેટરો અને મલ્ટી-ટાસ્કિંગ સ્ટાફની ભરતી સંબંધિત નોટિસને નકલી ગણાવી છે. લોકસભા સચિવાલયે જણાવ્યું છે કે વોટ્સએપ અને ફેસબુક પર કરારના ધોરણે સંસદમાં 200 ડેટા એન્ટ્રી ઓપરેટર અને મલ્ટી-ટાસ્કિંગ સ્ટાફની ખાલી જગ્યાઓની ભરતીનો દાવો કરતા સંદેશાને તદ્દન ખોટા ગણાવ્યા છે. સચિવાલયે આવી કોઇ ભરતી નોટિસ જારી કરી નથી. સચિવાલયે લોકોને આવી ગેરમાર્ગે દોરનારી સોશિયલ મીડિયા પોસ્ટથી દૂર રહેવા અને તેમાં કોઈપણ ચુકવણી ન કરવા વિનંતી કરી છે.**

---

## <u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર</u>

1) આજે તમામ અખબારો એ ભારત અને બ્રિટન વચ્ચેના વેપાર કરાર ના સમાચાર ને પ્રથમ પાને બોલ્ડ અક્ષરે છાપયા છે

2) ધ ઇંડિયન એક્સ્પ્રેસ લખે છે કે ઈન્ડિયા યુ કે ડીલ્સ ડન

3) ફૂલછાબ અને સંદેશએ ભારત અને બ્રિટન વચ્ચે મુક્ત વેપાર કરાર મુખ્ય હેડલાઇન બનાવી છે

4) ગુજરાત સમાચાર લખે છે કે ભારત બ્રિટેન વચ્ચે મુક્ત વેપાર કરાર પર મહોર -મોદી નવ ગુજરાત સમયે ભારત યુ કે વચ્ચે ઐતિહાસિક મુક્ત વેપાર કરાર ને હેડલાઇન બનાવી છે.

5) રાજસ્થાન પત્રિકા લખે છે 'મેડ ઇન ઈન્ડિયા કા બ્રિટેન મે બજેગા ડંકા"

6) મુક્ત વેપાર બાદ અનિલ અંબાણીની 50 કંપનીઓ પર ED ના દરોડા ના સમાચાર ને મુખ્ય અખબારોએ પ્રથમ પેજ પર બોક્સમાં સ્થાન આપ્યું છે

7) ચીન સીમામાં રૂષિ વિમાન તૂડી પડ્યું -50ના મૃત્યુની ખબર ને ફૂલછાબ અને સંદેશે પ્રથમ પાન પર સ્થાન આપ્યું છે

8) રક્ષાબંધન અને જન્માષ્ટમીના તહેવારોમાં એસટી છ હજાર પાંચસોથી વધુ વધારાની ટ્રીપ દોડાવશે.